# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

**જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, એરફોર્સ રોડ, દિગ્જામ મીલ સામે, જામનગર**

ડો. કે. પી. બારૈયા
સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ

Email:- *kvkjamnagar@gmail.com*
*kvkjamnagar@jau.in*

ફોન/ફેક્ષ નં (૦૨૮૮) ૨૭૧૦૧૬૫
મો. ૯૪૨૭૯૮૦૦૩૨


જા.નં.જુકૃયુ/કેવીકે/ટેક–૧/જાહેરાત/કેટરીંગ/૪૩૫/૨૦૨૧, જામનગર **તા. ૦૬/૦૪/૨૦૨૧**

# જાહેરાત

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગર માટે વિવિધ યોજનાઓમાં ખેડૂતોને તાલીમ/ટુર વગેરે અંતર્ગત રીફ્રેશમેન્ટ માટે કેટરીંગની સુવિધા પુરી પાડવા માટે અલગ અલગ પેઢીઓ પાસેથી ભાવ માંગવાના થતા હોઈ, સામેલ જાહેરાત મુજબ રસ ધરાવતી પાર્ટીઓએ નિયત નમૂનામાં ભાવ પત્રકો ભરીને બંધ કવરમાં તારીખ ૧૬/૦૪/૨૦૨૧ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીને મળે તે રીતે પોસ્ટ અથવા રજીસ્ટર્ડ એ. ડી. થી મોકલવા.

સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ
કે.વી.કે., જુ.કૃ.યુ., જામનગર

પ્રતિ,
૧) આઈ.ટી. સેલ જુકૃયુ જુનાગઢ તરફ (યુનિવર્સીટી વેબસાઇટમાં પ્રસારિત કરવા)
૨) અત્રેની કચેરીના નોટીસ બોર્ડ પર
૩) બાજરા સંશોધન કેન્દ્રના નોટીસ બોર્ડ પર

**::ભાવ પત્રક::**

ટેન્ડર ભરનારનું નામ –:

પ્રતિ શ્રી,
સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,
જુ.કૃ.યુ., જામનગર

**વિષય :કેટરર્સ સુવિધાના ભાવો આપવા બાબત....**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગર કચેરી માટે વિવિધ યોજનાઓમાં ખેડૂતોને તાલીમ/ટુર અંતર્ગત નીચે મુજબ રીફ્રેશમેન્ટ માટે કેટરીંગની સુવિધા પુરી પાડવા માટેની ટેન્ડરની શરતો મેં વાંચી અને સમજી છે. આ શરતોને આધીન રહી મારા ભાવ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગર કચેરીને તમામ સર્વિસ ટેક્ષ અને GST સહિતના નીચેની વિગતે ભરી જાણવું છું.

ટેન્ડર ભરનાર ઈજારદારનું પુરૂ નામ:– ..........................................................................................................................

કેટરર્સ પેઢીનું નામ :– ..........................................................................................................................

ધંધાનું સરનામું :–..........................................................................................................................

મોબાઈલ/ફોન નં. :– ..........................................................................................................................

| ક્રમ | | વિગત | એક ડીશના ભાવ |
|---|---|---|---|
| ૧ | સવારે નાસ્તો | ફાફડા ગાંઠિયા/ બટાકા પૌવા/ખમણ (ત્રણમાંથી કોઈપણ એક), સંભારો, તળેલા મરચા, ચા, મિનરલ વોટર | |
| | | પૂરી/થેપલા/આલું પરોઠા (ત્રણમાંથી કોઈપણ એક), સંભારો, તળેલા મરચા, ચા, મિનરલ વોટર | |
| ૨ | ચા | અડધી ચા | |
| ૩ | કોફી | અડધી કોફી | |
| ૪ | બપોરનું જમવાનું | બે શાક (એક કઠોળ અને એક લીલોતરી શાક), રોટલી/પૂરી, ચટણી, દાળ–ભાત, સલાડ, છાસ, પાપડ અથવા ફ્રાઈમ્સ, મિનરલ વોટર | |
| | | એક સ્વીટ (લાડવા/લચકો/શીરો/શ્રીખંડ/હલવો), બે શાક (એક કઠોળ અને એક લીલોતરી શાક), રોટલી/પૂરી, ફરસાણ (ભજીયા/ખમણ/કટલેશ કોઈ એક વસ્તુ), ચટણી, દાળ–ભાત, સલાડ, છાસ, પાપડ અથવા ફ્રાઈમ્સ, મિનરલ વોટર | |
| ૫ | સાંજનું જમવાનું | એક શાક, રોટલી/પૂરી/ભાખરી/પરોઠા (કોઈપણ એક), કઢી, ખીચડી, સલાડ, છાસ, પાપડ અથવા ફ્રાઈમ્સ, મિનરલ વોટર | |

નોંધ :– ઉપર મુજબના ભાવો તમામ સાધન સામગ્રી, કેટરિંગ સર્વિસ તથા તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે.

ઉપરોક્ત જણાવેલ તમામ વિગતો સાચી છે તથા ટેન્ડરની તમામ શરતો મેં વાંચી–સમજી છે જે મને બંધનકર્તા રહેશે અને તેનું પાલન કરવાની હું ખાત્રી આપું છું.

સ્થળ :

તારીખ : (ટેન્ડર ભરનારની સહી/સિક્કો)

# શરતો અને બોલીઓ

૧) ભાવો બંધ કવરમાં તારીખ ૧૬/૦૪/૨૦૨૧ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીને મળે તે રીતે મોકલવા.

૨) ભાવના કવર પર **"કેટરીંગ માટેના ભાવ"** એમ લખવું.

૩) ઉક્ત કામગીરી ઉધારબીલથી કરવાની રહેશે.

૪) અત્રેની કચેરી દ્વારા આપેલ જાહેરાતમાં જોડેલ પ્રફોર્મામાં મુજબ જ ભાવ લખી સહી સિક્કા કરી અત્રેની કચેરીને કુરિયર અથવા પોસ્ટ/રજીસ્ટર એડી થી મોકલવાના રહેશે, રૂબરૂ ભાવ સ્વીકારવામાં આવશે નહી.

૫) આ ટેન્ડર પત્ર ૩૧ માર્ચ – ૨૦૨૨ સુધી માન્ય રહેશે. એ મુજબ ભાવ પત્રક આપવાનું રહેશે.

૬) તાલીમાર્થી ભાઈઓ–બહેનો તેમજ કર્મચારીઓની મીટીંગ, તાલીમ કે શિબિર અત્રેની કચેરીએ અથવા જિલ્લામાં કોઈપણ જગ્યાએ ગામડામાં ગોઠવેલ હશે ત્યાં જઈને રસોઈ બનાવીને સર્વિસ સાથેના ભાવ આપવાના રહેશે. લોકલ અને બહાર અલગ–અલગ ભાવ પણ આપી શકશો.

૭) તાલીમ વર્ગ કે શિબિર કે મીટીંગ દરમ્યાન શુદ્ધ પીવાના પાણીનો પુરવઠો પણ પૂરો પાડવાનો રહેશે.

૮) ભોજનમાં કે નાસ્તામાં જુદા જુદા પ્રકારનાં ભોજન કે નાસ્તો શુદ્ધ અને ફ્રેશ ગુણવત્તા સાથે રાખવાનો રહેશે. જેના ભાવ ડીશ મુજબ ભરવાના રહેશે.

૯) ભોજન બનાવવાની જગ્યા ચોખ્ખી સાફ સફાઈ કર્યા બાદ જ જરૂરી સાધન સામગ્રી સાથે રાખીને તૈયાર કરવાની રહેશે અને પૂર્ણ થયા બાદ સફાઈ પણ કરવાની રહેશે.

૧૦) કચેરીના સ્ટાફ દ્વારા અથવા ભોજન સમિતિના સભ્યો દ્વારા અવાર નવાર મુલાકાત લઈ ચકાચણી કરવામાં આવશે અને તેમની સાથે પરામર્શ કર્યા બાદ જ ભોજન બનાવવાની કે પીરસવાની કામગીરી કરવી.

૧૧) કાચો કે પાકો માલ ગુણવત્તા બાબતે કે બનાવટ અંગે કોઈપણ શંકા જણાયે સમિતિના સભ્યોને રીજેક્ટ કે રદ કરવાની આખરી સત્તા તેમની પાસે રહેશે અને આવા સંજોગોમાં સમય મર્યાદામાં અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.

૧૨) કચેરી દ્વારા કે ભોજન સમિતિ દ્વારા જે સૂચનો કરવામાં આવશે તેમનું પાલન કરવાનું રહેશે.

૧૩) ગમે તે સંજોગોમાં કચેરીના વડાને થયેલ કોન્ટ્રાક્ટ રદ કરવાની આખરી સત્તા હોય અયોગ્ય બિન જરૂરી જણાયે આ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે. આમાં કોઈપણ પ્રકારની અપીલ થઈ શકશે નહી.

૧૪) આ સિવાય વખતો વખતનાં નિયમો કે સૂચનો આપો આપ લાગુ કરવામાં આવશે જે બંધન કર્તા રહેશે.

૧૫) ભાવ પત્રક મંજૂર થયે આપના સાધનિક પુરાવા ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ, GST નંબર, PAN નંબર તથા ધંધાના નામ જોગ મળેલ પરવાના વિશેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે અને તુરંત જ બાહેંધરી પણ આપવાની રહેશે.

૧૬) ગુણવત્તા બાબતે કોઈપણ પ્રકારની બાંધછોડ નહિ કરવા અંગે તેમજ ભોજન કે નાસ્તા મુજબ ગરમા ગરમ ભોજનના સમયે સપ્લાય કે પિરસવાનું રહેશે.

૧૭) ભાવ પત્રક મંજુર થયે દિન–૭ માં રુ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર લેખિતમાં નોટરાઈઝ્ડ બાહેંધરી આપવાની રહેશે (ઉપર મુજબ) તેમજ મંજૂરી અંગેની જાણ થયે કચેરીએ રૂબરૂ મુલાકાત લઈ તરતજ સંમતિ પત્ર આપવાનો રહેશે.

૧૮) ઓછામાં ઓછી ૨૦ ડીશ હોય ત્યાં સુધી કેટરીંગ સર્વિસ આપવાની રહેશે.

(signature)

સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ
કેવીકે, જુકૃયુ, જામનગર

# સંમતિ પત્ર

આથી હું શ્રી ____________________________________________ઉમર વર્ષ:-_____, રહેવાસી ગામ:- _____________, તાલુકો:-__________, જીલ્લો :- _____________ લખી જણાવું છું કે હું કેટરર્સ અથવા ફરસાણ કે લોજનો ધંધો કરું છું. આપની કચેરી દ્વારા મારું ભોજન અંગેનું ભાવ પત્રક મંજુર થયેલ છે. જે અંગેની બોલીઓ અને શરતો મેં વાંચેલ છે અને મને માન્ય પણ છે. આ અંગેની જરૂરી માન્યતા પ્રમાણ વિધિ સમય મર્યાદામાં પૂર્ણ કરવાની ખાતરી બદલ આ સંમતિ પત્ર લખી આપું છું.

સ્થળ :
તારીખ :

સહી :-
નામ:-
સિક્કો:-